વડીલોને વંદન અભિનંદન

નરસિંહભાઈ સવાભાઈ પરમાર
(૧૯૪૭)મો.૯૩૨૮૦૬૧૧૯૫

કલાવતીબેન એન. શાહ
(૧૯૪૩)ફોનઃ ૨૩૨૩૨૦૫૮

શકુતલાબેન એમ. નાયક
(૧૯૩૯)ફોનઃ ૨૩૨૩૫૧૫૩

ઈન્દિરાબેન રવિન્દ્રભાઈ દવે
(૧૯૫૫)મો.૯૮૨૪૨૨૯૬૬૬

દત્તયાગ સહસ્ત્ર આહુતિ યજ્ઞ યોજાશે

શ્રી દત્તયાગ સહસ્ત્ર આહુતિ યજ્ઞ અવધૂત વાડી હાથીજણ દહેગામ ખાતે યોજાશે. ચૈત્ર વદ-૧૦, ૧૪ એપ્રિલ મંગળારે યોજવામાં આવશે. યજ્ઞનો પ્રાંરભ સવારે ૮.૩૦ કલાકે અને પૂર્ણાહુતિ સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવશે. યજ્ઞમાં આચાર્ય તરીકે પરિવારના વિદ્વાન પૂ.શ્રી મહેશભાઈ પાઠક વડોદરા સ્થાન શોભાવશે. તેમજ પ.પૂ. શ્રી જગદીશાનંદજી રંગબાળ, પૂ.શ્રી નવનીતભાઈ પાઠક ગાંધીનગર ઉપસ્થિત રહેશે. સાંજે ૭-૦૦ વાગે મહાપ્રસાદ લેવામાં આવશે.

અરવલ્લી જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદનું તોફાન

મોડાસા, તા. ૧૧

સમગ્ર રાજયમાં વાદળો છવાયાની સાથે ઉત્તર ગુજરાતમાં ભારે પવન ફુંકાવાની સાથે વરસાદી ઝાપટા ખાબક્યા હતા ત્યારે અરવલ્લી જિલ્લામાં બપોર પછી અપર એર ફૂંકાવાની સાથે સીત લહેર પ્રસરતાં જિલ્લાના પ્રજાજનોને ગરમીથી રાહત મળી હતી. વાવાઝોડા સાથે તોફાની વરસાદે ઘડીકમાં વાતાવરણ પલ્ટી નાંખ્યુ હતુ અને ઘઉંની લણણી બાકી હોઈ ખેડૂતોની હાલત કફોડી બની હતી.

સાઈકલોનિક સરક્યુલેશનના કારણે જિલ્લાના વાતાવરણમાં પલટો આવી વાદળો છવાયા હતા. આકાશી વાદળો ઘેરાતાં વાતાવરણમાં ઠંડા પવનો વાદળછાયા વાતાવરણ સાથે અમુક વિસ્તારોમાં તોફાની વરસાદ પડ્યો હતો. જ્યારે અમુક વિસ્તારોમાં તો ધુળની ભમરીઓ સાથે વાવાઝોડા સાથે પવન ફુંકાયો હતો. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સાંજના

અરવલ્લી જિલ્લાના મોડાસા, મેઘરજ, ધનસુરા, બાયડ, ભીલોડા તાલુકાઓમાં આજે બપોર પછી વાતાવરણમાં અચાનક પલટો આવતાં પ.૪૫ વાગ્યાના સુમારે જબરજસ્ત પવન ફુંકાવા સાથે વાવાઝોડુ ઉપડ્યુ હતુ. જેમાં મોડાસા શહેરને ધુળની ડમરીઓ વડે રગદોળી નાખ્યુ હતુ.

વાવાઝોડાની ઝડપ એટલી બધી જોરદાર હતી કે મોડાસા શહેરમાં જાહેરાત માટે લગાવેલ હોર્ડીંગ હવામાં ફંગોળાયા હતા. ઉપરાંત મોડાસા શહેરના માર્ગો પરથી પસાર થઈ રહેલા મુસાફરો અને વાહનચાલકો વાવાઝોડાથી બચવા માટે જે દુકાન ખુલ્લી મળી તેમાં ભરાઈ ગયા હતા. અચાનક ફુંકાયેલા વાવાઝોડાથી મોડાસા શહેર અને આજુબાજુના વિસ્તારમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. મોડાસા શહેરમાં અચાનક ત્રાટકેલા વાવાઝોડાએ જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યુ હતુ. જાહેર માર્ગો પર લારીઓ લઈને ઉભા રહેલા ફેરીયાઓનો વાવાઝોડાથી માલસામાન જાહેર માર્ગો પર ફેંકાઈ જતાં લારીઓ વાળા કુદરતી પ્રકોપ સામે લાચારી અનુભવતા હતા. હજુ પણ વાવાઝોડા સાથે પવન ફુંકાવાનો ચાલુ રહેતા મોડાસા શહેરના પ્રજાજનો અચાનક ત્રાટકેલા વાવાઝોડાથી મુશ્કેલીમાં મુકાયા હતા. જ્યારે ગૃહીણીઓએ મરી-મસાલા ભરવાની સીઝન હોવાથી મોંઘા ભાવના ખરીદેલ મરી-મસાલા તડકે ચડાવ્યા હતા એ પણ વાવાઝોડાની ઝપેટમાં આવી જતાં ગૃહિણીઓ ચિંતામાં ગરકાવ થઈ ગઈ હતી.

ડીસામાં કરા સાથે ભરઉનાળે વરસાદ ખેતી પાકોને નુકસાનની દહેશત

ડીસા, તા.૧૧

રાજયમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે છેલ્લા ઘણા દિવસથી ઋતુચક્ર ખોરવાયું છે. આજે ડીસાના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં ઝંઝાવાતી પવન સાથે વરસાદી ઝાપટાં પડયાં હતા. ડીસા અનેકો પંથકમાં મોડી સાંજે સાડા ત્રણ વાગ્યા આસપાસ કાલા ડીબાંગ વાદળો ઘેરાયા હતા અને તે બાદ વિજળીના કડાકા ભડાકા શરૂ થયા હતા. આકાશમાં કાળા ડીબાંગ વાદળા સાથે આકાશી તોફાન ડીસા તાલુકામાં પ્રવેશતાં જ વધુ વિકરાળ બની ગયું

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

તાલુકાના સામાન્ય વરસાદ અને કરા પડવાની સાથે માત્ર ૧૦ મિનિટ જેટલા સમય સુધી ચાલેલ ચક્રવાતે આ વિસ્તારના અનેક ગામોમાં ખેતી પાકો ને લાખોનું નુકશાન થયાની દહેશત ઉભી થઇ છે

ડીસામાં પડેલા કમોસમી વરસાદથી રાયડો, જીરું, તમાકુ , બટાટાનાં પાકને નુકશાન થયેલ છે જેને કારણે ખેડૂતો પોતાની મહેનતની કમાણી સમાન પાક ખોવાનો વારો આવ્યો છે બનાસકાંઠા જિલ્લામાં હતું.ધુળના ગોટા, વરસાદી છાંટા અને કરા સાથે ફુંકાતા પવનની ગતિ એટલી જોરદાર હતી કે જાને મોટો ચક્રવાત કે સુનામી આવ્યું હોય તેવા અવાજો થતા હતા . અહી ખેડૂતોએ મોટાપાયે રાયડો, તમાકુ અને બટાટા નું મહેનત કરીને વાવેતર કર્યું છે. ત્યારે ડીસા તાલુકાના અનેક વિસ્તારના ગામોમાં હળવા ઝાપટાં પડયાં હતા. જેને કારણે પાકોને વ્યાપક નુકસાન થશે, તેવું સ્થાનિકોએ જણાવ્યું હતું.

પાલનપુરમાં સાંજે વિજ ગર્જના સાથે વરસાદ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૧૧

આજે છેલ્લા એક અઠવાડીયાથી ઉનાળો જાણે પુરજોશમાં આરંભાયો હોય તેમ કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો હતો. જયારે આજે બપોર બાદ સાંજે એકાએક પવનના જોરદાર સુસવાટા સાથે વાવાઝોડા સાથે વિજળીના કડાકા-ભડાકા સાથે જોરદાર વરસાદી ઝાપટું પડતા લોકોએ કાળઝાળ ગરમીથી રાહત અનુભવી હતી.

પાલનપુર શહેરના નીચાણવાળા વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાતા શહેરીજનો મુસીબતમાં મુકાયા હતા. લાંબા સમયથી શહેરના જુદા જુદા એરિયામાં સોસાયટીની ગટરો-ભૂગર્ભ ગટરોની સાફ સફાઈ ના થઈ હોવાથી વરસાદી પાણી સાથે ગટરનું પાણી શહેરના જાહેર માર્ગો પર ફરી વળતા પ્રજાજનો પાલિકા તંત્ર પ્રત્યે ભારે રોષ ઠાલવતાં હતાં.

બનાસકાંઠા જિલ્લાના અન્ય તાલુકા દાંતીવાડા, ધાનેરા, પાંથાવાડા, વડગામ, દાંતા-અંબાજી બાજુ વાવાઝોડા સાથે વરસાદ થયો હોવાના અહેવાલો મળ્યા છે. આ વરસાદથી જિલ્લાના ખેતરોમાં ઉભેલા પાકને ઓછે વત્તે અંશે નુકશાનીનો ભય ખેડૂતોએ વ્યકત કર્યો હતો.

પ્રાંતિજના દલપુરમાં એક વ્યકિતને માર મારતા પોલિસ ફરિયાદ

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ગામે સહિ કરવાની બાબતે છ ઈસમોએ એક વ્યકિતને માર મારતા પલિસ ફરિયાદ કરાઈ છે.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ દલપુર ગામે રહેતા સંજયભાઈ વેચાતભાઈને જુના કેસોની ફાઈલમાં સહીઓ કરવાની વાતને લઈને આરોપીઓ દ્વારા એક થઈ ગેરકાયદેસર મંડળી બનાવી ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીને અપ શબ્દો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. આ ઉપરાંત ફરિયાદીના પુત્ર સંજયભાઈને પણ માર મારતા સંજયભાઈના પિતા વેચાતભાઈ મંગળભાઈ ત્રિડગડે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર છ વિરૂધ્ધ ફરિયાદ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીઓ પંકજભાઈ જોષી રહે. અણીયોલ, જશુભાઈ (સરપંચ) રહે. દલપુર, ચંપુસિંહ રહે. સૈજીપુર, પ્રવિણભાઈ ચૌહાણ, જશુભાઈ ચૌહાણ, રંગુભાઈ રહે. નનાપુર વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ટાટા સ્કાય દુનિયાનું પ્રથમ ડેઈલી રિચાર્જ વાઉચર લાવી

વધુ એક અન્ય પહેલામાં અગ્રણી ડીટીએચ સેવા પ્રદાતા ટાટા સ્કાયે પહેલી જ વાર ડેઈલી રિચાર્જ વાઉચર રજૂ કર્યુ છે, જેના હેઠળ સબસ્ક્રાઈબરો જે દિવસે ટીવી જુએ તે દિવસે જ તેમને ચુકવણી કરવાની રહેશે. આ અવ્વલ સંકલ્પનામાં લઘુત્તમ રિચાર્જ મૂલ્ય રૂ. ૮ થી શરૂ થાય છે, જે વૈશ્વિકસ્તેર ટેલિવિઝન જોવાના ક્ષેત્રમાં સૌથી ઓછા મૂલ્યનું રિચાર્જ વાઉચર છે.

ટાટા સ્કાય દ્વારા આ નાવીન્યતાને લીધે સબસ્ક્રાઈબરો તેના કે તેણીના ટીવી જોવાના ખર્ચ પર નિયંત્રણ રાખી શકશે. માસિક ચાર્જ ચુકવનાર સબસ્ક્રાઈબરોની પૂરતી સંખ્યા છે. જો કે અમુક કે અન્ય કારણસર તેઓ રોજના ધોરણે ટીવી જોઈ શકતા નથી. ટાટા સ્કાયનું ડેઈલી રિચાર્જ હવે તેઓ ટીવી જુએ તે દિવસની જ ચુકવણી કરવાની સુવિધા આપે છે. મોટા ભાગના લોકો આનો લાભ લઈ શકે છે અને વીજ ઉપલબ્ધ હોય ત્યારે અથવા તેઓ વેકેશન પરથી પાછા આવે ત્યારે જે તે દિવસમાં તેમના સેટ ટોપ બોક્સને રિચાર્જ કરાવી શકે છે. આ જ રીતે કયા દિવસે રિચાર્જ નહીં કરવું તે પણ તેઓ નક્કી કરી શકે છે. દા.ત. પરીક્ષાના દિવસો હોય કે ઘરેથી બહાર પ્રવાસમાં હોય ત્યારે તેઓ રિચાર્જ નહીં કરવાનું નક્કી કરી શકે છે.

આ ક્રાંતિકારી સંકલ્પના પર બોલતાં ટાટા સ્કાયના ચીફ કોમ્યુનિકેશન્સ ઓફિસર મલય દીક્ષિતે જણાવ્યું હતું કે અમને વિશ્વાસ છે કે ટાટા સ્કાયનું આ ડેઈલી રિચાર્જ રાષ્ટ્રભરમાં લોકોમાં પ્રચલિત બની રહેશે. ડેઈલી રિચાર્જ વિકલ્પ રૂ. ૧,૧૦,૨૦,૫૦ અને ૧૦૦માં મળે છે, જેના હેઠળ અમે ગ્રાહકોને તેમની સુવિધાએ પસંદગી કરવાનો હક મળે છે.

વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બેબાકળા બન્યા હતાં.જયારે બપોર બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો.સૂર્યપ્રકાશ અદ્રશય થઈ ગયો હતો. બીજીતરફ આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા.જોતજોતામાં પવનના સૂસવાટા સાથે વરસાદ શરુ થઈ ગયો હતો.આકાશમાંથી ગગનભેદી વીજકડાકાના લીધે સાંજ મેઘવર્ણી બની હતી. ભારે પવન સાથે વરસાદ વરસતાં વાતાવરણ ખુશનુમા બની ગયું હતું.વાદળગર્જના સાથે વરસાદ વરસતાં નગરના માર્ગો

પર પાણી ફરી વળ્યા હતા.ગાંધીનગર જિલ્લા આસપાસના વિસ્તારમાં પણ પવન સાથે વરસાદ વરસ્યો હતો જિલ્લામાં એક જ મહિનામાં સતત બીજીવાર વરસાદ વરસ્યો હતો.ચૈત્રમાં અષાઢી વાયરાના લીધે ભૂમિપુત્રો પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.જયારે મૌસમનો બદલાતો મિજાજ આમ નાગરિકો માટે પણ ચર્ચાનો વિષય બન્યો છે.વરસાદનાં આકમક મિજાજના લીધે જનજીવનમાં અચરજ પ્રવર્ત્યું છે. હવામાન વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ લોકલ ફિનોમિલાના લીધે આ વરસાદ થયો હતો.બે કલાકના વાતાવરણ પલ્ટા બાદ ઉઘાડ નીકળ્યો હતો.વરસાદી વાયરાના લીધે સે-૨૧ અપનાબજાર પાસે આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં પણ વિક્ષેપ થયો હતો.

સેક્ટર-૧૬માં એક ઝાડ પર બાવળિયાનું ઝાડ પડતાં ગાડીને નુકસાન થયાનું જાણવા મળેલ છે.

ઉત્તર ગુજરાતના દિયોદર, પાલનપુર, થરાદ, વાવ, ડીસા, સુઈગામ, વડગામમાં પણ વાવોઝાડા સાથે વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં કેટલાક ગામોમાં કરા પડ્યાના અહેવાલો પણ છે.

શિક્ષકોની સ્વંય શિસ્ત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આનંદીબહેને બાળકને પુસ્તકિયા જ્ઞાન સાથે તેની સુષુપ્ત શક્તિઓ પારખી લઈ તેને વિકસાવવાના અવસરો પ્રોત્સાહન આપી ઈત્તર પ્રવૃત્તિમાં પણ ક્વોલિટી એજ્યુકેશન માટે ભારપૂર્વક અનુરોધ શિક્ષકોને કર્યો હતે.

તેમણે શાળા પરિસરમાં જ પેવર રસ્તા બનાવી તેના બ્લોકમાં આંક, શબ્દો લખીને બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પુરૂ પાડવા પ્રેરણા આપી હતી.

તેમણે શાળાઓના પ્રવાસ આયોજનો પણ ભૌગોલિક ઐતિહાસિક અને વૈવિધ્યસભર જ્ઞાન સંપદાની વૃદ્ધિ કરનારા હોય તેવું પ્રેરક સૂચન શિક્ષક બહેનોને કર્યુ હતુ.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે પ્રવાસો પ્રોજેક્ટ આધારિત હોય અને પ્રવાસપૂર્ણ થયે તેનું વિવરણ શાળા પરિવાર સમક્ષ થાય તે બાળમાનસમાં પ્રવાસન સાથે શિક્ષણ જ્ઞાન વૃદ્ધિકારક બને તેવો અભિનવ પ્રયોગ હાથ ધરાય.

મુખ્યમંત્રીને આ અવસરે કન્યા કેળવણી નિધિ માટે રૂ. ૨.૫૧ લાખનો ચેક સંઘ તરફથી અર્પણ કરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે શિક્ષક સ્વયં નિયમિત અને સમયપાલનનો આગ્રહી હોય તો બાળ સહજ ભાવે બાળક પણ તેને અનુસરશે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલ, પ્રાથમિક શિક્ષણ નિયામક રાવલ તથા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને પદાધિકારીઓ આ અવસરના સાક્ષી બન્યા હતા.

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોએ હાથ ધરેલાં નાવિન્યપૂર્ણ પ્રયોગો પૈકીના પસંદગી પામેલાં ગ્રીન સ્કૂલના પ્રોજેક્ટ તથા પ્રજ્ઞા સ્કૂલ, સ્માર્ટ સ્કૂલ વગેરે વિષયે શિક્ષિકા બહેનોએ સ્વાનુભવો વર્ણવ્યા હતા.

તેમજ આ પ્રયોગોને પરિણામે શાળાના વિદ્યાર્થીઓમાં આવેલી જાગૃતિની ભૂમિકા મુખ્યમંત્રી સમક્ષ સવિસ્તાર આપી હતી.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ શિક્ષકની ગુણવત્તા એવી હોય કે વિષયવસ્તુને માવજત આપીને બાળમાનસમાં સહજ સરળ જ્ઞાનકૌશલ્ય પ્રસરે તે માટે હાર્દભરી અપીલ પ્રાથમિક શિક્ષકોને કરી હતી.

તેમણે પ્રાથમિક શિક્ષક બહેનો શિક્ષણ સાથે સંસ્કાર સિંચનના પણ સંવાહક બને તેવાં પ્રેરમાત્મક શિક્ષણ પ્રયોગોના સંબોધન અને વ્યાપ વિસ્તારનો અનુરોધ કર્યો હતો.

તેમણે ચાણક્યના વાક્ય શિક્ષક કદી સાધારણ નથી હોતો, એ ભાવમાં કર્તવ્ય ભાવ જગાવતા આજના યુગમાં સાધારણ વ્યક્તિ કદી શિક્ષક ન હોય તેવો નવો ધ્યેયમંત્ર હૈયે રાખવા આહવાન કર્યુ હતુ.

શિક્ષણમંત્રીએ સૌને શિક્ષણના અધિકારી માટેની પ્રતિબદ્ધતા રાજ્ય સરકારની છે તેમાં શિક્ષક પરિવાર પણ સૂર પુરાવે અને ૧૦૦ ટકા નામાંકન, શૂન્ય પ્રતિશત ડ્રોપ આઉટની નેમ પાર પાડવા સહયોગ કરે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

ભવ્ય રીતે ઉજવાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મહાનગરપાલિકા-નગરપાલિકાઓ ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. જેમાં સ્થાનિક સંગઠનના પદાધિકારીઓ અને કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામૂહિક રીતે જોડાશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ, શૈશવકાળનો સંઘર્ષ, શિક્ષણને લગતાં પ્રસંગો અને વંચિત વર્ગને દેશના વિકાસના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાનું યોગદાન, સામાજીક ન્યાય અને અધિકાર તેમજ હક્ક માટેની લડત સહિત સંવિધાની જાગૃતતા માટે વર્ષ દરમિયાન કોંગ્રેસ પક્ષ દ્વારા કાર્યક્રમો યોજાશે.

જંગ રંગ જમાવશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આઈપીએલ ટુર્નામેન્ટ સવારે યોજવામાં આવશે. ગાંધીનગર આઈપીએલનો ખિતાબ જીતનાર ચેમ્પિયન ટીમને રૂ. ૭૫ હજાર અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. અત્યારે દેશ અને દુનિયામાં આઈપીએલનો બુખાર છવાયેલો છે. ક્રિકેટના યુવા રસિયાઓ ઈન્ટરનેશનલ આઈપીએલ માટે ખુબ જ ઉત્સાહિત હોય છે. આગામી સમયમાં ગાંધીનગરની આઈપીએલ પણ છવાઈ જશે.

શબ્દાવલી - ૫૬૯૮

૧		૨	૩	■	૪		૫
૬	૭			■		■	
૮		■	૯				■
■	૧૦	૧૧		■	■	■	૧૨
૧૩	■		■	૧૪	૧૫		
૧૬	૧૭		■	૧૮		■	■
■		■	૧૯			૨૦	■
૨૧				■	૨૨		

આડી ચાવી

૨. નકામુ, રદ્દી (૨)
૪. પિતા (૩)
૬. છુઇમુઇ, લાજવંતી (૪)
૮. કળી (૨)
૯. ધર્મપ્રમાણે થતું યુદ્ધ (૪)
૧૦. સ્વીટ, મીઠું (૨)
૧૪. પરસેવો (૪)
૧૬. ... પક્ષી જે નર-માદા એકબીજા વગર તડપી તડપીને મરી જાય (૩)
૧૮. સત્ય, અર્ક (૨)
૧૯. સફળ (૪)
૨૧. વરસાદમાં ભીની માટીમાં ખુંપી જાય તેવું અણીદાર સાધન લઇ રમાતી એક રમત (૪)
૨૨. મગન, જગ્યા (૩)

ઊભી ચાવી

૧. છોલ, છલકાઇને પ્રવાહી ઉછાળવું તે (૩)
૨. એક પ્રકારનો દારુ (૨)
૩. નાગ, સર્પ (૪)
૪. ગીધ, રામભક્ત ગીધ (૩)
૫. હાથ, વેરો (૨)
૭. જુલ્મી (૩)
૧૧. ઓસ, ઝાકળ (૩)
૧૨. પેટ (૩)
૧૩. મદ્રાસી વાગની (૨)
૧૪. ફેલાવો (૩)
૧૫. સુરોની સુરાવલી (૪)
૧૭. ઉપપત્ની (૩)
૧૯. બાડી, એક આંખ ના હોય તેવી (૨)
૨૦. લાગ, મોકો (૨)

શબ્દાવલી ૫૬૯૭ના જવાબ

આડી ચાવી :- (૧) તહોમત (૪) વદન (૬) તિરંગો (૮) સદ્ય (૧૦) ગદ્ય (૧૨) નેસ (૧૪) મતભેદ (૧૭) નશ્વર (૧૮) કદમ (૧૯) રીસીવર (૨૨) યુતી (૨૩) તલાટી (૨૫) નથ (૨૬) અથાગ

ઊભી ચાવી :- (૨) તમસ (૨) મતિ (૩) તરંગ (૫) નખ (૭) ગોદામ (૯) દાનેશ્વરી (૧૧) અભેદ (૧૩) સરસીયું (૧૫) તક (૧૬) દમદાટી (૨૦) વતી (૨૧) વન (૨૩) તથા (૨૪) લાગ

ટચૂકડી જાહેર ખબર
ભાડે આપવાનું છે
ફ્લેટ - ૩ રૂમ, રસોડુ, સીટી પલ્સ થિયેટર પાસે, લીફ્ટ, પાણીની ૨૪ કલાક સગવડ
મો. : ૯૮૨૫૭ ૮૩૧૫૭
વેચવાનું છે
ઓછા ભાવે, કોમ્પ્યુટર ટેબલ, મોટર, કુલર, બેડ વેચવાના છે
મો. ૯૦૩૩૩૮૫૪૩૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ